# ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ જાહેર

**આગામી** 5 વર્ષમાં 10 લાખ કરોડનું રોકાણ આકર્ષવાનો અંદાજ

**ગ્રીન** એનર્જી, MSME, મેગા ઇન્ડસ્ટ્રી, સ્ટાર્ટઅપ, મહિલાઓ અને રિસર્ચ પર વિશેષ ભાર



ગાંધીનગર : ગુજરાત સરકારે વર્ષ 2047 સુધી રાજ્યને 3.5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા અને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસાવવા માટે મહત્ત્વાકાંક્ષી 'વિકસિત ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી-2026' જાહેર કરી છે. આગામી પાંચ વર્ષ માટે અમલમાં રહેનારી આ નીતિમાં MSMEથી લઈને મેગા ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, મહિલાઓના ઉદ્યોગસાહસિકરણ, સંશોધન અને વિકાસ (R|D), ગ્રીન એનર્જી તથા પ્રાદેશિક વિકાસ જેવા તમામ મહત્વપૂર્ણ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આ નીતિની જાહેરાત કરી હતી. રાજ્યના ચીફ સેક્રેટરી મનોજકુમાર દાસ તથા ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્માએ જણાવ્યા અનુસાર, રાજ્યની અર્થવ્યવસ્થા છેલ્લા 22 વર્ષમાં આશરે 20 ગણી વધી છે. વર્ષ 2002-03માં 15.73 અબજ ડોલર રહેલું ગુજરાતનું GDP 2024-25માં વધીને 329.70 અબજ ડોલર સુધી પહોંચ્યું છે. હવે આગામી તબક્કામાં રાજ્ય ઉચ્ચ મૂલ્યવર્ધનવાળા ઉત્પાદન, ટેક્નોલોજી અને નિકાસ આધારિત વૃદ્ધિ તરફ આગળ વધશે. આગામી પાંચ વર્ષ દરમિયાન રાજ્યમાં 10 લાખ કરોડનું મૂડીરોકાણ આકર્ષવાનો અંદાજ છે. તેની સામે સરકારે અઢી લાખ કરોડના પ્રોત્સાહનો - રાહતની ઓફર કરી છે.

## 21 થ્રસ્ટ સેક્ટર્સ પર વિશેષ ફોકસ

નવી નીતિ હેઠળ ગ્રીન એનર્જી, મોબિલિટી, કેપિટલ ઇક્વિપમેન્ટ, ટેક્સટાઇલ્સ, ક્રિટિકલ મિનરલ્સ, સસ્ટેનેબિલિટી, કેમિકલ્સ, એગ્રો પ્રોસેસિંગ, હેલ્થકેર, સેમીકન્ડક્ટર એન્સિલરી, ન્યુક્લિયર પાવર ઇક્વિપમેન્ટ, વ્હીકલ સ્ક્રેપિંગ, ઇ-વેસ્ટ અને ટેક્સટાઇલ વેસ્ટ રિસાયક્લિંગ, શિપિંગ કન્ટેનર ઉત્પાદન તથા હેવી અર્થ મૂવિંગ ઇક્વિપમેન્ટ સહિતના 21 થ્રસ્ટ સેક્ટર્સને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે. ઉપરાંત સ્પોર્ટ્સ ગુડ્સ, ટોય મેન્યુફેક્ચરિંગ, ફૂટવેર, રોબોટિક્સ અને ડ્રોન જેવા ક્ષેત્રોને સિલેક્ટેડ સેક્ટર તરીકે સમાવાયા છે.

## MSME માટે eFCIની 25થી 35 ટકા સુધીની કેપિટલ સબસીડી

ગુજરાતની અર્થવ્યવસ્થાના પાયારૂપ MSME ક્ષેત્ર માટે નીતિમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. માઇક્રો અને સ્મોલ એકમોને eFCIની 25થી 35 ટકા સુધીની કેપિટલ સબસીડી મળશે. ઉપરાંત ટેક્નોલોજી અપગ્રેડેશન, પેટન્ટ નોંધણી, ZED સર્ટિફિકેશન, માર્કેટ ડેવલપમેન્ટ તેમજ વીજળી અને પાણીના કનેક્શન માટે પણ સહાય આપવામાં આવશે.

## મેગા રોકાણોને મળશે વિશેષ લાભ

રૂ. 125 કરોડથી વધુના રોકાણ ધરાવતા લાર્જ યુનિટ, રૂ. 1,000 કરોડથી વધુના મેગા યુનિટ અને રૂ. 3,000 કરોડથી વધુના અલ્ટ્રા મેગા યુનિટ માટે કેપિટલ સબસીડી, વ્યાજ સહાય અને પાવર ટેરિફ સહાયના વિકલ્પો ઉપલબ્ધ કરાશે. ખાસ કરીને થ્રસ્ટ સેક્ટર્સમાં રોકાણ કરનારા એકમોને વધુ પ્રોત્સાહનો મળશે. રાજ્યના મુખ્ય સચિવ મનોજકુમાર દાસે જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં રાજ્ય સરકાર 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષવાનો લક્ષ્યાંક ધરાવે છે અને આશરે અઢી લાખ કરોડ રૂપિયાનાં પ્રોત્સાહનો આ નીતિ હેઠળ ઓફર કરવામાં આવ્યા છે.

## સ્ટાર્ટઅપ માટે પ્રતિ માસ રૂ. 25,000 સુધીનું સબસિસ્ટન્સ એલાઉન્સ

રાજ્ય સરકાર સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે પ્રતિ મહિને રૂ. 25,000 સુધીનું સબસિસ્ટન્સ એલાઉન્સ, સીડ સપોર્ટ, વ્યાજ સબસીડી અને એક્સેલરેટર પ્રોગ્રામ સહાય આપશે. સ્ટાર્ટઅપ્સ માટે સિંગલ વિન્ડો ઇન્ટરફેસ પણ વિકસાવવામાં આવશે.મહિલા ઉદ્યોગસાહસિકો માટે વધારાની 1 ટકા વ્યાજ સહાય, 'રિટર્ન ટુ ઇન્ડસ્ટ્રી એક્સેલરેટર', કારકિર્દી વિરામ બાદ તાલીમ કાર્યક્રમો અને પાંચ વર્ષ સુધી ભાડા સહાય જેવી જોગવાઈઓ કરવામાં આવી છે.

## રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કેન્દ્રના પ્રતિ કર્મચારીને 10,000 સુધી પેરોલ સપોર્ટ

નવી નીતિમાં સંશોધન અને વિકાસ ક્ષેત્રને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે. R&D કેન્દ્રોને 50 ટકા સુધીની કેપિટલ સહાય, 25 ટકા જમીન રિઇમ્બર્સમેન્ટ, પ્રતિ યુનિટ રૂ. 1 પાવર ટેરિફ સહાય, પ્રતિ કર્મચારી રૂ. 10,000 સુધી પેરોલ સપોર્ટ અને પેટન્ટ સહાય આપવામાં આવશે. રાજ્યમાં ગ્લોબલ R&D હબ વિકસાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

## ગ્રીન એનર્જી અને પર્યાવરણ પર ભાર

ગુજરાત હાલમાં 53.8 ગીગાવોટથી વધુ રિન્યુએબલ એનર્જી ક્ષમતા ધરાવે છે, જેમાં 31 ગીગાવોટ સોલાર અને 15.78 ગીગાવોટ વિન્ડ એનર્જીનો સમાવેશ થાય છે. ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક પૂર્ણ થયા બાદ ગુજરાતનું સ્થાન વિશ્વના સૌથી મોટા ગ્રીન એનર્જી કેન્દ્રોમાં વધુ મજબૂત બનશે. નીતિમાં ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સિસ્ટમ, વેસ્ટ-ટુ-એનર્જી પ્રોજેક્ટ, કોમન ઇફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ગ્રીન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક માટે વિશેષ પ્રોત્સાહનો પણ જાહેર કરવામાં આવ્યા છે.

## રોજગાર અને સ્કીલ ડેવલપમેન્ટને પ્રાધાન્ય

'મુખ્યમંત્રી ઉદ્યોગ રોજગાર સહાય યોજના' હેઠળ ઉદ્યોગો સાથે જોડાયેલી તાલીમ, વિદ્યાર્થીઓને હેન્ડ્સ-ઓન અનુભવ, ઉદ્યોગ-અકાદમી જોડાણ અને ભવિષ્યની ટેક્નોલોજી માટે જરૂરી કુશળ માનવબળ તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

## સેવા ક્ષેત્રને પણ મળશે વેગ

નવી નીતિમાં IT-ITES, ફિનટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC), લોજિસ્ટિક્સ, પ્રવાસન અને નાણાકીય સેવાઓ જેવા ક્ષેત્રોને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. રાજ્યના GSDPમાં સેવા ક્ષેત્રનું યોગદાન 2011-12ના 36 ટકાથી વધીને 2023-24માં 42 ટકા સુધી પહોંચી ગયું છે. ગુજરાત માટે પરિવર્તનકારી નીતિ નવી ઔદ્યોગિક નીતિથી રાજ્યમાં વધુ વિદેશી રોકાણ, નિકાસ વૃદ્ધિ, રોજગારી સર્જન અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં ગુજરાતની ભૂમિકા વધુ મજબૂત બનવાની અપેક્ષા છે. સરકારના મત મુજબ આ નીતિ માત્ર રોકાણ આકર્ષવા માટેની યોજના નથી, પરંતુ 2047 સુધી ગુજરાતને ગ્રીન એનર્જી, ટેક્નોલોજી, મેન્યુફેક્ચરિંગ અને નવીનતાના વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની વ્યાપક વ્યૂહરચના છે.

## વિકાસની ગતિ સમગ્ર ગુજરાતમાં સમાન રીતે પહોંચશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે નવી નીતિમાં માત્ર રોકાણ આકર્ષવા પર જ નહીં, પરંતુ રાજ્યના દરેક વિસ્તાર સુધી વિકાસનો લાભ પહોંચે તે માટે સંતુલિત પ્રાદેશિક વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વનબંધુ તાલુકાઓ, પછાત વિસ્તારો, અનુસૂચિત જાતિ-જનજાતિના ઉદ્યોગકારો તેમજ એમએસએમઈ (MSME) ક્ષેત્ર માટે વિશેષ પ્રોત્સાહનોની જોગવાઈ કરવામાં આવી છે, જેથી વિકાસની ગતિ સમગ્ર ગુજરાતમાં સમાન રીતે પહોંચે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ થાય, રોજગારીની નવી તકો ઊભી થાય, વધુ રોકાણ આવે અને સાથે પર્યાવરણનું સંરક્ષણ પણ સુનિશ્ચિત થાય તેવા સંતુલિત વિકાસ મોડેલને આ નીતિમાં કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે.

## 15થી 45 ટકા સુધીના ઇન્સેન્ટિવથી રોકાણને મળશે વેગ : હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નવી નીતિ હેઠળ વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગોને 15થી 45 ટકા સુધીના આકર્ષક પ્રોત્સાહનો આપવામાં આવશે, જેના પરિણામે રાજ્યમાં નવા રોકાણો આવશે, મોટા પાયે રોજગારીનું સર્જન થશે અને ગુજરાતના યુવાનોને પોતાના વતનમાં જ ઉજ્જવળ કારકિર્દી ઘડવાની તકો મળશે. તેમણે જણાવ્યું હતું કે, માત્ર 5 ટકા જમીન અને 6 ટકા વસ્તી ધરાવતું ગુજરાત આજે દેશના કુલ ઉત્પાદનના 18 ટકાથી વધુ હિસ્સા, 40 ટકા કાર્ગો હેન્ડલિંગ અને આશરે 33 ટકા નિકાસ સાથે દેશના ઔદ્યોગિક વિકાસનું એન્જિન બની ગયું છે. દેશની સૌથી વધુ એમએસએમઈ એકમો ધરાવતા ગુજરાતની આ સફળતા પાછળ ઉદ્યોગસાહસિકોની મહેનત અને સરકારની વિકાસલક્ષી, રોકાણકારમૈત્રી નીતિઓનો મહત્વનો ફાળો રહેલો છે.

# RE-NEET પ્રશ્નપત્રના નામે દોઢ કરોડની ઠગાઇ કરી નાંખી

**પેપરની** કોઇ સામગ્રી નહીં હોવા છતાં વિદ્યાર્થી દીઠ 1000 રૂપિયા વસૂલતા હતા

**ફ્રોડની** રકમ ગેમિંગ વેબસાઇટના ખાતામાં ટ્રાન્સફર કરાવતા હતા




અમદાવાદ : RE-NEET પરીક્ષાનું પ્રશ્નપત્ર અપાવવાના નામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ટારગેટ કરીને નાણાકીય ઠગાઇ આચરતા આંતરરાજ્ય સાયબર ઠગ ગેંગનો અમદાવાદ ક્રાઇમ બ્રાંચની સાયબર ક્રાઇમ સેલની ટીમે પર્દાફાશ કરી રાજસ્થાનના જયપુર અને કોટાના બે અને બિહારના એક એમકુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓના વિવિધ બેંક ખાતાઓમાં અંદાજે રૂ. 1.5 કરોડના ટ્રાન્ઝેક્શન થયાનું પણ સામે આવ્યું છે.

અમદાવાદ ક્રાઇમ બ્રાંચના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપીઓ ટેલિગ્રામ પર RE-NEET પરીક્ષાનું પ્રશ્નપત્ર ઉપલબ્ધ હોવાનો ખોટો દાવો કરીને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ભ્રામક સંદેશાઓ, પોસ્ટ અને જાહેરાતો દ્વારા આકર્ષતા હતા. ત્યારબાદ પ્રશ્નપત્ર તથા અન્ય ગોપનીય માહિતી આપવાના બહાને તેમની પાસેથી એક હજાર રૂપિયા વસૂલતા હતા.

ક્રાઇમ બ્રાંચની સાયબર સેલની ટીમે વધુ તપાસમાં તપાસમાં "Raghav_singh_neet" સહિત આશરે 8 જેટલી NEET સંબંધિત ટેલિગ્રામ ચેનલો બનાવવામાં આવી હતી, આ ચેનલો સાથે સંકળાયેલા આરોપી સુમેરસિંહ ભરતલાલ મીણા (જયપુર, રાજસ્થાન), આરોપી આકાશ પપ્પુલાલ મીણા (કોટા, રાજસ્થાન), તથા નવિનકુમાર શંકરપ્રસાદ યાદવ (રહે, ધુરિયાવા, ભરેટી બિહાર)ની સંડોવણી સામે આવતા ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે આરોપીઓ વિવિધ ટેલિગ્રામ ચેનલો અને આઇ.ડી. બનાવી પરીક્ષા સંબંધિત ખોટી અને લાલચજનક માહિતી ફેલાવતા હતા. તેઓ ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ, QR કોડ અને બેંક ખાતાઓ મારફતે રકમ વસૂલતા હતા. વધુમાં વિવિધ થર્ડ પાર્ટી સર્વિસ અને એપ્લિકેશનની મદદથી ટેલિગ્રામ ચેનલોમાં કૃત્રિમ રીતે સભ્યો અને પ્રીમિયમ સભ્યોની સંખ્યા વધારવામાં આવતી હતી. આરોપીઓ પાસેથી NEET અથવા અન્ય કોઈ પરીક્ષાનું પ્રશ્નપત્ર કે અભ્યાસસામગ્રી મળી આવી નથી. તેઓ માત્ર પ્રશ્નપત્ર ઉપલબ્ધ હોવાનો ખોટો દાવો કરીને લોકોને છેતરતા હતા. ક્રાઇમ બ્રાંચના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલએ જણાવ્યું હતુ કે આરોપીઓ "Trade With Karol" અને "PANKAJ BHARDWAJ" નામની ટેલિગ્રામ ચેનલ અને ગ્રુપ મારફતે ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં પણ સંડોવાયેલા હતા. તેમના 6 બેંક ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ 12 ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

ફ્રોડથી મેળવેલી રકમને છુપાવવા માટે આરોપીઓ ગેમિંગ વેબસાઇટમાં ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓમાં નાણાં જમા કરાવતા હતા. ત્યારબાદ તે રકમ અલગ-અલગ વ્યક્તિઓના ખાતાઓમાં ટ્રાન્સફર કરીને ઉપાડી લેવામાં આવતી હતી. આરોપીઓ પોતાના સાથીદારો અને અન્ય વ્યક્તિઓના બેંક ખાતાઓનો ઉપયોગ કરીને આ રકમનો વ્યક્તિગત લાભ માટે ઉપયોગ કરતા હતા.

છેલ્લા એક મહિનામાં આશરે 1,000 જેટલા મોબાઇલ નંબર અને ટેલિગ્રામ ચેનલો સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. ઉપરાંત આરોપીઓ દ્વારા બનાવવામાં આવેલી 44 જેટલી વેબસાઇટનો ઉપયોગ ગેમિંગ, બેટિંગ, સટ્ટાબાજી અને સાયબર ફ્રોડ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થતો હોવાનું પણ સામે આવ્યું છે.

# અધિકના અંતિમ દિવસે સોમનાથમાં ભક્તિપૂર

**જ્યોત** પૂજન, મધ્યરાત્રિની મહાપૂજા અને મહા આરતીમાં હજારો ભાવિકો જોડાયા



અમદાવાદ : અધિક જેઠ માસના અંતિમ ચરણમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં ભક્તિ અને આસ્થાનો અદભુત મહાસંગમ સર્જાયો છે. અધિક માસ દરમિયાન પુણ્ય અર્જન માટે દેશભરમાંથી ભાવિકો સોમનાથ મહાદેવના દર્શનાર્થે ઉમટી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી પ્રતિદિન એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આજે સોમવતી અમાસે અધિક માસની પૂર્ણાહુતિએ સોમનાથમાં લાખો ભક્તોનો ઐતિહાસિક ભક્તિ અને આસ્થાનો અદભુત મહાસંગમ જોવા મળ્યો હતો.

અધિક જેઠ માસમાં ઉજવાયેલી માસિક શિવરાત્રિના પાવન અવસરે સોમનાથ મંદિર પરિસરમાં ભક્તોની વિશાળ ભીડ ઉમેટી પડી હતી. જ્યોત પૂજન, મધ્યરાત્રિની મહાપૂજા અને મહા આરતીમાં હજારો ભાવિકો જોડાયા હતા. સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું અને મધ્યરાત્રિ સુધી ભક્તોનો અવિરત પ્રવાહ યથાવત રહ્યો હતો.

સનાતન ધર્મમાં અધિક માસને ધર્મ, કર્મ અને પુણ્ય અર્જનનો વિશેષ અવસર માનવામાં આવે છે. તેથી અધિક માસના અંતિમ દિવસોમાં ભક્તો એક પણ ધાર્મિક અવસર ચૂકવા માંગતા નથી. ખાસ કરીને આ વર્ષે સોમવતી અમાસના દિવસે અધિક માસની પૂર્ણાહુતિ થતી હોવાથી સોમનાથમાં લાખો શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા.

ધાર્મિક ગ્રંથોમાં પણ સોમવતી અમાસના દિવસે સોમેશ્વર મહાદેવના દર્શનનું વિશેષ મહત્વ દર્શાવવામાં આવ્યું છે. સ્કંદ મહાપુરાણના પ્રભાસ ખંડમાં વર્ણવ્યા મુજબ સોમવતી અમાસે સોમેશ્વર દેવના દર્શન અને પૂજન કરવાથી કરોડો યજ્ઞ સમાન પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

પવિત્ર સોમવતી અમાસ નિમિત્તે સોમનાથમાં વિશેષ ધાર્મિક માહોલ સર્જાયો હતો. લાખો ભક્તોના આગમનને પગલે ભાવિકોને સુગમ અને સુરક્ષિત દર્શનનો લાભ મળી રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. સોમવતી અમાસે સોમનાથમાં ભક્તિનો અનોખો મહામેળો જામ્યો હતો.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | ૬ | ૫ | | ૮ | |
| ૩ | | ૮ | ૧ | | | | ૭ | |
| | ૨ | | | | ૭ | ૫ | | |
| | ૪ | ૨ | | | | | ૫ | ૩ |
| ૧ | ૯ | ૫ | | ૩ | | | ૨ | |
| | | ૩ | | ૨ | | ૧ | ૯ | ૭ |
| | ૧ | ૬ | ૮ | | | ૭ | ૩ | ૫ |
| | | ૭ | ૪ | ૫ | ૧ | ૯ | ૬ | |
| | | ૯ | ૬ | | | ૪ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પાઠુ- ગૂમડું

કરિયાતું, હરડાં, બહેડાં, આમળા સરખા ભાગે લઈ ચવકુટ કરી ભરી લો. તેમાંથી 20g ચૂર્ણ 400 મીલી પાણીમાં ઉકાળી, 100 મીલી રહે ત્યારે ગાળી બે ભાગ કરી, સવારે અને સાંજે પીવું.

# ખેડૂતોની ટ્રેક્ટર રેલીને ગાંધીનગરમાં જતી અટકાવાઇ

**ઓગણજમાં** જ ખેડૂતોએ વિશાળ સભાનું આયોજન કર્યું




અમદાવાદ : ગુજરાતભરના ખેડૂતો આજે શક્તિ પ્રદર્શન કરી પોતાની વિવિધ પડતર માંગણીઓ સાથે ગાંધીનગર તરફ કૂચ કરવા માટે મોટી સંખ્યામાં ટ્રેક્ટરો લઈને રસ્તા પર ઉતર્યા હતા. જોકે પોલીસ દ્વારા ગાંધીનગર સુધી રેલીની મંજૂરી ન અપાતા ઘર્ષણ થયું હતું. ત્યારબાદ ખેડૂતોને માત્ર ઓગણજ સુધી જ જવાની મંજૂરી આપવામાં આવી હતી. પરિણામે ઓગણજ ખાતે ખેડૂતોની વિશાળ સભા યોજાઈ હતી, જેમાં સરકાર અને વીજ કંપનીઓ સામે ખેડૂતોનો ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

આજે અમદાવાદમાં સમગ્ર ગુજરાતના ખેડૂતોના સંઘર્ષ અને આક્રોશ સાથે હજારો ખેડૂતો પોતાની પડતર માંગણીઓ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ખેડૂત અધિકારો અને વિવિધ પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે યોજાયેલી મહારેલીમાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટરો અને અન્ય વાહનોના વિશાળ કાફલા સાથે જોરદાર શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ યોજાયેલી આ ખેડૂત અધિકાર યાત્રામાં અમદાવાદથી ઓગણજ સુધીના વિસ્તારોમાં ખેડૂતોના સૂત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. મોટી સંખ્યામાં ખેડૂતો રેલીમાં જોડાતા શહેરના અનેક માર્ગો અને ખાસ કરીને હાઈવે પર ટ્રેક્ટરોની લાંબી કતારો જોવા મળી હતી. ખેડૂતોના કાફલાને કારણે કેટલાક વિસ્તારોમાં વાહન વ્યવહાર પર પણ અસર જોવા મળી હતી.

## ખેડૂતોએ આ માંગણી સાથે દેખાવ કર્યો

(1) ખેતરોમાં વીજ લાઇન, વીજ પોલ અને વીજ ટાવર ઉભા કરવા બદલ યોગ્ય વળતર મળતું નથી.
(2) પાકના પોષણક્ષમ ભાવ, MSPની કાનૂની ગેરંટી, પાક વીમાની અસરકારક અમલવારી, દેવા માફી અને મફત વીજળી.
(3) નકલી બિયારણ, ખાતરના વધતા ભાવ અને વીજ કંપનીઓની મનમાની જેવી સમસ્યા દૂર થવી જોઇએ.
(4) દેવા માફી કરવામાં આવે તેમજ પશુપાલકોને દૂધના ભાવમાં વધારો આપવામાં આવે.

## પોલીસ અને પ્રશાસન ખાનગી કંપનીઓના દલાલની જેમ વર્તે છે

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આજે કિસાન અધિકાર યાત્રામાં સંબોધન કરતા જણાવ્યું હતું કે આજે રાજ્યમાં સૌથી વધારે જો કોઈના ઉપર અન્યાય અને અત્યાચાર થઈ રહ્યો હોય તો તે ખેડૂતો છે. રાજ્યની ભાજપ સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક બમણી થશે, તેમ કહી ખેડૂતોને માટે મોટા સપના બતાવ્યા હતા. પરંતુ આજે તેમના શાસનમાં જ ખેડૂતોની હાલત દયનીય બની છે. ખેડૂતોના ખેતરમાં ખાનગી વીજ કંપનીઓ દ્વારા થાંભલાઓ ઊભા કરવામાં આવી રહ્યા છે, ત્યારે તેનું પૂરતું વળતર આપવામાં આવતું નથી. આ ખેડૂતો જ્યારે પોતાની જમીન સામે પૂરતું વળતર માંગે છે, ત્યારે સરકાર પોલીસને આગળ ધરી ખેડૂતોને ડંડા મારવાનું કામ કરે છે. આમ કરીને પોલીસ અને પ્રશાસન ખાનગી કંપનીઓના દલાલ હોય તેમ વર્તન કરી રહી છે.

## જમીન સંપાદન બાદ યોગ્ય વળતર મળતું નથી

ઓગણજ ખાતે યોજાયેલી ખેડૂત સભામાં સુરતથી આવેલા ખેડૂત પરિમલ પટેલે સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની સમસ્યાઓ સાંભળવા તૈયાર નથી અને ખેડૂતોની ધીરજની પરીક્ષા લઈ રહી છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનો અને ટાવરો માટે યોગ્ય વળતર નહીં અપાય તો ખેડૂતો તેનો વિરોધ કરશે અને પોતાના ખેતરમાંથી આવી લાઈનો પસાર થવા દેશે નહીં. ખેડૂત આગેવાન પાલ આંબલિયાએ પણ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતુ કે રાજ્યનો "જગતનો તાત" પોતાના હકો માટે રસ્તા પર ઉતર્યો છે અને હવે સરકાર ખેડૂતોની વાજબી માંગણીઓ સ્વીકારે તેવી અપેક્ષા છે. ખેડૂતો શાંતિપૂર્ણ રીતે પોતાની માંગણીઓ રજૂ કરી રહ્યા છે, પરંતુ લાંબા સમયથી પ્રશ્નોનો ઉકેલ ન આવતા હવે તેઓ વધુ મક્કમ બન્યા છે. આ દરમિયાન બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પણ ખેડૂતોને ટેકો આપવા માટે આંદોલનમાં જોડાયા હતા. તેમણે જણાવ્યું હત કે જો ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે ગંભીરતા દાખવવામાં નહીં આવે તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ખેડૂતોને કંપનીઓ સામે રક્ષણ અને તેમના પાકનું યોગ્ય વળતર મળવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

# અમદાવાદના ડ્રગ્સ દાણચોરને 10 વર્ષની કેદ



અમદાવાદ : વડોદરાની સ્પેશિયલ કોર્ટે એમડી (મેફેડ્રોન) ડ્રગ્સની આંતરરાજ્ય હેરાફેરીના કેસમાં અમદાવાદના રહેવાસી અસલમ અહમદ પઠાણને દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદ તથા 1 લાખના દંડની સજા ફટકારી છે. ગત 1 એપ્રિલ, 2021ના રોજ ચોક્કસ બાતમીના આધારે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) અમદાવાદ ઝોનલ યુનિટના ઇન્ટેલીજન્સ અધિકારીઓએ અમદાવાદના ખાનપુર-શાહપુર વિસ્તારમાં રહેતા અસલમ અહમદ પઠાણને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી 99 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. પ્રતિબંધિત માદક પદાર્થ સાથે ઝડપાયેલા આરોપીની સ્થળ પરથી જ ધરપકડ કરવામાં આવી હતી.કેસની તપાસ પૂર્ણ થયા બાદ સપ્ટેમ્બર 2021માં વડોદરાની સ્પેશિયલ કોર્ટ સમક્ષ એનસીબી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. લાંબી કાયદાકીય પ્રક્રિયા અને પુરાવાઓની તપાસ બાદ સ્પેશિયલ કોર્ટે 15 જૂન, 2026ના રોજ આખરી ચુકાદો જાહેર કરીને આરોપીને NDPS Act-1985 હેઠળ દોષિત જાહેર કર્યો હતો. સ્પેશિયલકોર્ટે આરોપીને 10 વર્ષની સખત કેદ ઉપરાંત 1 લાખનો દંડ ફટકાર્યો છે. એનસીબીના સૂત્રોએ જણાવ્યું હતું કે જપ્ત કરાયેલ ડ્રગ્સનો કાયદેસરની પ્રક્રિયા મુજબ ટ્રાયલ પૂર્ણ થાય તે પહેલાં જ નિકાલ કરવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

**તા. 16/06/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ : બીજ : 24:54,
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 26
**યોગ :** વૃદ્ધિ **કરણ:** બાવલ
**નક્ષત્ર :**આર્દ્રા: 16:14
**રાશિ:** મિથુન (ક.છ.ઘ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 05:58
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:20
**નવકારસી :** 06:46
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 06 ઠ્ઠો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે 15:00 થી 16:30

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** સાહસમાં સફળતા મળે. નવા સંપર્કો વધશે. આર્થિક લાભ થાય. હરીફોથી બચવું. નવી તક મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** કામનું ભારણું રહે. ઘરમાં અવરજવર વધશે. ખર્ચા વધે. મોજ શોખના ધંધામાં આવક વધશે.
**મિથુન (ક,છ,ઘ,):** અંગત જીવનમાં રસિક અને રોમેન્ટીક ઘટના મુલાકાત થાય. વિદેશ પ્રવાસનાં કામ થાય પ્રેમમાં સાથ મળે.
**કર્ક (ડ,હ,):** વડીલોના આરોગ્યની ચિંતા રહે. પ્રવાસમાં વિઘ્નો આવે. નવા કામ ટાળવાં- ઉધાર લેવા-દેવાનું ટાળવું.
**સિંહ (મ,ટ,):** નવા પ્રોજેક્ટનો લાભ મળે. નવુ શિખવા મળે. મિત્રો-પરિવાર સાથે મનોરંજન પ્રવાસ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** કામની પદ્ધતિમાં ફેરફારથી કાર્યશૈલીમાં બદલાવ આવે. અચાનક સફળતા અને મદદ મળે.
**તુલા (ર,ત,):** પિતાનો સાથ મળે. પિતાના આરોગ્યની ચિંતા સતાવે. ધાર્મિક સત્સંગ થાય. વિવાદથી દૂર રહેવું.
**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં તાલમેળ ઓછો રહે. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. કામમાં વિલંબ થાય. મન અશાંત.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** દાંપત્યજીવનમાં તાલમેળ રહેવાથી ઘરનાં કામ પાર પડશે. અટકેલા કામ થાય. સમસ્યાનું સમાધાન થાય.
**મકર (ખ,જ,):** આરોગ્ય નરમ રહે. ખાવા-પીવામાં સાવધાની રાખવી ભૂલના કારણે નોકરીમાં સહન કરવાનું બનશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** હરીફાઇ કે પરીક્ષામાં સફળતા મળે. બાળકોનાં કામ થાય. અંગત જીવનમાં રસિક ઘટના બને.
**મીન (દ,ચ,ઝ,થ,):** માતાની સલાહ ઉપયોગી રહે. તમારા નવા વિચારોથી નોકરીમાં અનુકૂળતા વધે. બહારનાં કામ સરળ બને.

## કોઈ પણ સાલમાં 16 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહે. નોકરી-ધંધામાં અનુકૂળતાની સાથે હરીફોની હેરાનગતિ, નવી જવાબદારી વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતીનો અનુભવ વધશે. સમાજમાં સામાન્ય રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી અટકશે. આરોગ્ય સતાવે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મલે પ્રેમ વિવાહમાં ગેરસમજતી વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની મહેનત ફળે મન પર ભાર રહે. વાંચવામાં મન ઓછું લાગશે. વિદેશનાં કામ ધીમાં પડે. સંતાનોના કામ, અભ્યાસમાં પ્રગતિ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. મદદ મળે. પણ અવરોધ આવે. નવા ઘર વાહન, મકાનની યોજના મદદ મળે. પણ અવરોધ આવે. નવા ઘર, વાહન, મકાનની યોનજામાં મધ્ય વર્ષમાં પાર પડશે. વારસા, જાયદાદ, જમીન, નવા કામ ધીમા પડે. મિત્રો વડીલોની મદદ સંતાન સમાજમાં કામમાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ, ગુરુવાર, 7, 16, 25 તારીખે નવા કામ કરવાં ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ કરવો, ઓગસ્ટ સપ્ટેમ્બર બુધ શુક્રવાર 5,14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ, લીલા રંગનો ઉપયોગ ટાળવો.